ગાંધીનગર સમાચાર

કોરોના સામે રોગપ્રતિકારક શક્તિ વધારીએ...

કોઈ પણ તંત્ર, મંત્ર કે જત્ર ઉપર આધાર રાખ્યા સિવાય પોતાની કાળજી પોતે જ લઈએ તો જ કોરોના વોરિયર્સ કહેવાઈશું. તમારા ઘરમાં અથવો તમારા ઘરની બહાર દરેક જગ્યા પર કોરોના વાઈરસ હશે જ એ માનીને ચાલીશું તો જ કોરોનાથી બચી શકીશું.

ગાંડાલાલ અને ડાહ્યાલાલ બંને મિત્રો બેઠા હતા. એટલે ચર્ચા કરતા હતા એના થોડા સંવાદ રુપે કોરોના સાદો, ફ્લ્યુ અને ઈમ્યુનિટી વિશે થોડો વાર્તાલાપ કરીએ.

ગાંડાલાલ : હે ડાહ્યાલાલ? આખા જગતમાં કોરોના કોરોના થઈ ગયું છે. તો કોરોના અને સાદી શરદીમાં તફાવત શું ?

ડાહ્યાલાલ : ગાંડાભાઈ, તમે સવાલ તો ખૂબ સરસ પૂછ્યો છે? તમારી વાતમાં વજન છે. સાદી શરદીમાં ગળામાં દુખે, નાકમાં પાણી આવે, તાવ આવે, શ્વાસ પણ ચડે અને ફેફશામાં કફ જમા થાય જેને આપણે ન્યુમોનિયા કહીએ છીએ અને એમાં પમ માણસો મળી શકે. હવે, કોરોનામાં શું થાય? કોરોનાના વાઈરસનો ચેપ લાગે તો શરદી થાય, ગળામાં દુઃખે, તાવ આવે, ન્યુમોનિયા થાય અને માણસ મરી પણ જાય.

ગાંડાલાલ : તો ભાઈ ! આખા જગતમાં લાખો લોકો મરી કેમ ગયા ?

ડાહ્યાલાલ : તમારી વાત સાચી આખી દુનિયામાં લાખો માણસ મરી ગયા. ખબર નઈ, ભગવાનને ત્યાં સારા માણસોની વધારે જરુર હશે. કોરોના વાઈરસમાં સાદી શરદી જેવું બધું થાય છે છતાં માણસ વધારે પ્રમાણમાં કેમ મરે છે. સામાન્ય રીતે સાદી શરદીમાં ફેફસામાં જે ન્યુમોનિયા થાય છે બધાંમાં નથી થતો જયારે કોરોના વાઈરસને લીધે ફેફસામાં ન્યુમોનિયા ઝડપથી થઈ જાય છે. અને તેને લીધે માણસનું મૃત્યુ થાય છે.

ગાંડાલાલ : હે ભાઈ ! ન્યુમોનિયા તો મટી જાય એમાં માણસો મરી જવાનું કારણ શું ?

ડાહ્યાલાલ : ગાંડાભાઈ, તેમ સમજો, ફેફસામાં ન્યુમોનિયા થાય એટલે કોરોના વાઈરસના હિસાબે ન્યુમોનિયા થાય છે. તેનાથી ફેફસાની અંદર જે લોહીની નળીયો હોય છે તેમાં લોહી ગંઠાય જાય છે. અને તેને લીધે ફેફસાં કામ કરતાં ઓછા થઈ જાય છે.

જેને લીધે ફેફસાં નબળા પડી જવાના લીધે દર્દીને શ્વાસ લેવામાં તકલીફ પડે છે અને નબળાં ફેફેસાંને લીધે શરીરમાં પ્રાણ વાયુ એટલે કે ઓક્સિજન પહોંચાડવાનું કામ ઓછું થઈ જાય છે અને તેના લીધે કીડની, મગજ, હૃદય કામ કરવાનું ઓછી કરી દે છે. તેથી તે અવયવો ખરાબ થઈ જાય છે અને તેના લીધે દર્દીનું મૃત્યુ થાય છે.

ગાંડાભાઈ : ભાઈ આમાં વેન્ટીલેટરનું શું કામ ? હમણાં ટીવી ઉપર વેન્ટીલેટર અને ધમણ ઉપર બહુ ચર્ચાઓ ચાલે છે એ શું છે ?

ડાહ્યાભાઈ : આપણે આગળ વાત કરી એમ જે લોકોને ફેફસામાં ન્યુમોનિયા થાય છે તેને લીધે શરીરમાં ઓક્સિજન મળતો નથી. તેને બારથી કૃત્રિમ રીતે ઓક્સિજન ને દવાઓ શરીરમાં પૂરા કરવાના થાય જે કામ વેન્ટીલેટર કરે છે. બહારથી કૃત્રિમ રીતે ઓક્સિજન શરીરમાં આપવામાં ઓઆવે છે. જયારે ફેફસામાં ન્યુમોનિયા ઓછો થઈ જાય એટલે વેન્ટીલેટર ઉપરથી દર્દીને ઉતારીને નોર્મલ શ્વાસ લેતો કરવામાં આવે છે.

ગાંડાભાઈ : ભાઈ ! આ બધું ચાલ્યું છે. લોકો કહે છે ટેસ્ટ કરાવો. ટેસ્ટ કરાવો. કોરોનાનો ટેસ્ટ કરાવો. જેમને કશું નથી છતાં પણ ટેસ્ટ પોઝિટિવ આવે અને ૫૦ ટકા કરતા માણસો દવા વગર સારા થઈ જાય તો એનું શું સમજવું ?

ડાહ્યાભાઈ : ગાંડાભાઈ આજે તમે ડાહી ડાહી વાતો કરો છો. સરકારે પહેલા કહ્યું હતું કે જેને પણ શરદી, ઉધરસ, તાવ હોય એમને તાત્કાલિક પીસીઆર ટેસ્ટ કરાવો. ગાંડાભાઈ તમે પ્રશ્ન પૂછો. એના પેલા જવાબ આપી દઉં કે પીસીઆર એટલે પોલિમરેઝ ચેઈન રિએકશન. નાક અને ગળામાથી સ્વાબ લઈને વાઈરસ જીવી શકે એવા મીડિયમમાં એ સ્વાબને લેવામાં આવે છે. એ સેમ્પલને કોરોના વાઈરસ કરતી હોય એવી સરકારી લેબોરેટરીમાં મોકલવામાં આવે એ લોક લેબોરેટરીએ સ્વાબમાં એનાલિસીસ કરે છે અને એમાં કોરોના વાઈરસ છે કે નહીં તેનું પ્રમાણ નક્કી કરે છે. અને જો પ્રમાણમાં હોય તો પોઝીટીવ અને ન હોય તો નેગેટીવ એવી રીતે રિપોર્ટ ૮-૧૦ કલાકમાં આવે છે હવે તમે પૂછેલા પ્રશ્નનો જવાબ કોરનાનાં ટેસ્ટ પોઝિટિવ આવ્યો એટલે એ દર્દીને કોરોના છે એવું સાબિત થાય.

તંદુરસ્ત માણસને પણ કોરોના થઈ શકે પણ તંદુરસ્ત માણસમાં રોગપ્રતિકારક શક્તિ સારી હોય છે તેથી એ વાઈરસ એ વાઈરસના સામે વાઈરસને મારે એવું તત્ત્વ શરીર પોતે જ બનાવે છે. જેને ડૉકટરો એન્ટી બોડી કહે છે. વાઈરસ જેમાં એક ચોક્કસ પ્રોટીન હોય છે જે શરીરને નુકશાન પહોંચાડી શકે છે. જેને એન્ટીજન કહેવામાં આવે છે. એ પણ એક પ્રકારનું પ્રોટીન હોય છે. એટલે જે વ્યક્તિમાં રોગપ્રતિકારક શક્તિ સારી હોય એમાં જલ્દી એન્ટીબોડી બને છે તેથી કોરોના વાઈરસથી થતો ન્યુમોનિયા નથી થતો અને જે લોકોમાં રોગપ્રતિકારક શક્તિ ઓછી હોય તેમાં ન્યુમોનિયા જલદી થઈ જાય છે. અરે ભાઈ, તમે સારું કહો છો પણ મને એક પ્રશ્ન થાય છે કે કોરના વાઈરસવાળા દર્દીને અડવાનું નહીં એ બેઠો હોય ત્યાં બેસવાનું નઈ એવું કેમ ભઈલા...

ડાહ્યાભાઈ : અરે ભલા માણસ કોઈ પણ વાઈરસ ઈન્ફેકશનમાં આ તો સામાન્ય વસ્તુ છે સારી શરદીમાં પણ ઘરમાં કોઈ એકને શરદી થઈ હોય તો આખા ઘરનાને થતી જ હોય છે ને. તમે જેટલું સાચવો તેટલો વાઈરસ ઈન્ફેકશનથી બચી શકો. જેને શરદી થઈ હોયએનાથી દૂર રહેવું એ તો વર્ષો જુની પરંપરા છે. કોરોનામાં ભય એટલા માટે છે કે કોરોના વાઈરસના દર્દીમાં ન્યુમોનિયા જલદી થઈ જાય છે અને તેના લીધે મૃત્યુ જલદી થઈ જાય છે. અને તેથી કોરોના વાઈરસ થયો હોય તેનાથી દૂર રહેવાનું કહેવાય છે. કોરોના વાઈરસના દર્દીને ન અડવું, એ જયાં બેઠો હોય ત્યાં ના બેસવું, અને જે વસ્તુનો ઉપયોગ કર્યો એ વસ્તુને ના અડવું. આ બધું પહેલા પણ હતું, અને કોરોના વાઈરસમાં પણ છે. પહેલા સ્વાઈન ફલુમાં પણ આ જ તકલીફો હતી પણ છે. પહેલા અત્યારે કોરોના પેન્ડેમિક એટલે આખી દુનિયામાં છે એટલે કાળજી વધારે લેવાની.

ગાંડાભાઈ : એનો મતલબ એ થાય કે લોકો બીવડાવે એવી બીવાની જરૂર નથી. દુનિયામાં અબજો રુપિયાનું થયું અને લાખો માણસોની જાનહાનિ થઈ પણ આપણે શું સાચવવાનું ભાઈ ?

ડાહ્યાભાઈ : આપણે ગભરાવાની જરૂર નથી આપણે જેને શરદી થઈ હોય અથવા ના થઈ હોય એનાથી થોડા દૂર રહેવાનું. કોઈ પણ માણસને શરદી અથવા કોરોના હોઈ શકે એવું માની લેવાનું.

અત્યારે કોરનાની રસી અથવા તો દવા મળતી નથી ત્યારે પોતાની જાતે જ કોરોના વોરિયસ બનવાનું... આજ નહીં તો કાલે કોરોનાના લક્ષણ દેખાવાના છે. તમારી રોગપ્રતિકારક શક્તિ સારી કરો... તમારા શરીરમાં કોરોના વાઈરસના એન્ટીબોડી સારી રીતે બની શકે એવી રીતે સાચવો તમને કઈ નહીં થાય, અને ખાસ કરીને ફેફસાંની કસરત કરો જેનાથી ફેફસાં તાકાતવાળા થશે અને કોરોના થશે તો પણ તેમાં ન્યુમોનિયા નઈ થાય. તેમાં ગભરાવાની જરૂર નથી. આજ નહીં તો કાલે જયાં સુધી રસીના આવે ત્યાં સુધી રોગપ્રતિકારક શક્તિ વધારીને કોરોનાના એન્ટીબોડી બનાવવાના જ છે. બાકી તો ભગવાનની ઈચ્છા...

- shraddhablood@gmail.com

૧૦૮ દિવસમાં ૩૫૦૦ કિમી પદયાત્રા કરીને ૬૦ વર્ષની વયે નર્મદાની પરિક્રમા પૂર્ણ કરતાં કવયિત્રી-સર્જક-સમાજસેવિકા પ્રજ્ઞાબહેન પટેલ

ગુજરાતી ભાષાનાં જાણીતાં કવયિત્રી પ્રજ્ઞાબહેન પટેલે, આજે, ૨૪મીમે, ૨૦૨૦ના રોજ નર્મદાની પરિક્રમા પૂર્ણ કરી છે. સમગ્ર ભારતમાં નર્મદા જ

એક એવી નદી છે જેની પરિક્રમા કરવાનો મહિમા છે. પ્રાચીન કાળથી લાખો લોકો તેની પરિક્રમા કરે છે. અમૃતલાલ વેગડે તો તેની પરિક્રમા કરીને સૌંદર્યની નદી નર્મદા, પરિક્રમા નર્મદા મૈયાની અને નર્મદાના તીરે તીરે એવાં ત્રણ અદ્‌ભૂત પુસ્તકો પણ આપ્યાં. ધ્રુવ ભટ્ટ પણ તત્ત્વમસિ લખીને ગુજરાતીઓના હૃદયમાં નર્મદા મૈયાનાં નવાં નીર વહાવ્યાં.

પ્રજ્ઞાબહેને છઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ ઓમકારેશ્વરથી નર્મદા મૈયાની પરિક્રમાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૮ દિવસે, આજ રોજ તેમની નર્મદા પરિક્રમા પૂર્ણ થઈ. ૬૦ વર્ષની વયે તેમણે એકલાં આ યાત્રા કરી. અલબત્ત, પરિક્રમા કરતાં કરતાં નવા નવા યાત્રિકોનો સથવારો તો મળતો જ જાય. તેમની સાથે ગાંધીનગરનાં એક બહેન ગયાં હતાં પણ તેઓ પાંચેક દિવસ પછી પરત ફર્યાં હતાં.

નર્મદા મૈયાની પરિક્રમાનું ચોક્કસ અંતર નક્કી કરવું શક્ય નથી, કારણ કે જેમ જેમ પ્રવાહ ફંટાય તેમ તેમ રસ્તો જતો હોય છે. આમ છતાં અંદાજે ૩૨૦૦થી ૩૫૦૦ કિમી અંતર ગણાય છે. અમારા એક પારિવારિક મિત્ર, સબળસિંહ વાળાએ ૭૫ વર્ષની વયે ૧૧૦ દિવસમાં સડસડાટ આ યાત્રા પૂર્ણ કરી હતી. સેંકડો લોકો દર વર્ષે આ પરિક્રમા કરે છે.

પ્રજ્ઞાબહેન કહે છે આવી યાત્રાથી જીવન અને મનના પાત્રમાં ઘણું ઉમેરાતું હોય છે.

તેઓ કહે છે કે આ એક વિકટ પરિક્રમા છે, નર્મદા મૈયાની કૃપા હોય, સંચિત કર્મોનાં પુણ્ય ભેગાં થયાં હોય, માતા-પિતાના આશીર્વાદ મળ્યા હોય તો જ તે શક્ય બને છે.

પ્રજ્ઞાબહેન પોતાની સાથે સૂવા માટેનું બેડિંગ અને કપડાં-લત્તાં વગેરે થોડો સામાન રાખતાં હતાં. એ સામાન જાતે ઉપાડીને જ ચાલવાનું હોય છે.

પરિક્રમા કરતાં કરતાં કોઈ તબક્કે પ્રજ્ઞાબહેનને થતું હતું કે હવે પરિક્રમા પૂર્ણ થાય તો સારું, પણ બે દિવસ પહેલાં જેમ જેમ, પરિક્રમાનો છેલ્લો મુકામ, ઓમકારેશ્વર (જ્યાંથી પરિક્રમાનો પ્રારંભ કરવાનો હોય છે) આવતું ગયું તેમ તેમ મન ખાલીપાથી ભરાવા લાગ્યું. એકબાજુ ઓમકારેશ્વર પહોંચવાની તાલાવેલી અને બીજી બાજુ નર્મદા મૈયાનો સાથ હવે છુટશે એ વિચારથી મન એક જાતના સૂનકાર અને શૂન્યતાથી ભરાવા લાગ્યું હતું.

૧૦૮ દિવસ પ્રજ્ઞાબહેનની તબિયત સરસ રહી છે. કોરોના વાયરસને કારણે વિશ્વ થંભી ગયું, પણ તેમની પરિક્રમા ચાલુ જ રહી હતી. તેઓ ફેસબુક પર નિયમિત રીતે અપડેટ કરતાં હતાં. તસવીરો અને વીડિયો મૂકતાં હતાં અને પચીસેક લેખો પણ તેમણે લખ્યા છે.

પ્રજ્ઞાબહેન યાત્રાળુ, પર્વતારોહક અને પ્રવાસિની છે. તેમણે હિમાલયનો પ્રવાસ વારંવાર કર્યો છે. અઘરાં શીખરો પણ સર કર્યાં છે.

તેમની પાસેથી આપણને નર્મદા પરિક્રમાનું ઉત્તમ પુસ્તક મળશે તે નક્કી જ છે. એ પ્રસાદીનાં આપણે સૌ અધિકારી છીએ.

નર્મદા મૈયાની સાથે સાથે સાર્થક રીતે મૈયાની પરિક્રમા પૂર્ણ કરનારાં પ્રજ્ઞાબહેનને પણ ભાવપૂર્વક વંદન.

આલેખન : રમેશ તન્ના

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

‘સ્વર્ણિમ ટોક’ વેબિનાર સિરીઝ અંતર્ગત ‘કૃષિક્ષેત્રે સ્ટાર્ટઅપમાં રહેલી તકો’ વિષય પર ઓનલાઈન સેશન

ગાંધીનગર, તા. ૨૪

આજે સમર્ગ વિશ્વમાં અદ્રશ્ય અને જીવલેણ એવા કોરોના વાયરસ મહારોગને લીધે હાહાકાર સર્જાયો છે, ત્યારે મોટા ભાગના દેશો માં સંપૂર્ણ કે આંશિક લોકડાઉનની પરિસ્થીતિ છેલ્લા બે મહિના થી વધુ પ્રવર્તી રહી છે. ત્યારે આર્થિક અને સામાજિક બધી જ પ્રવૃતિઓ બંધ છે, એક માત્ર કૃષિ ક્ષેત્ર સતત કાર્યરત રહ્યું છે આ લોકડાઉંનના સમયમાં લણણીની પ્રક્રિયા, વાવણીની બદલાતી સીઝન અનુસાર વિવિધ પાકોનું ઉત્પાદન પણ સતત ચાલુ છે. જીવન જરૂરિયાતના શાકભાજી, ફળોનો સપ્લાય ખેડૂતોથી વખાર સુધી અને ત્યાંથી એપીએમસી દ્વારા સામાન્ય માનવીઓ સુધી રોજિંદા પંહોચે છે. આ શબ્દો છે આપણા કેન્દ્રીય કૃષિ મંત્રી પરશોત્તમ રૂપાલા જી ના કૃષિક્ષેત્રે સ્ટાર્ટઅપ માં રહેલી તકો અંગે વિષય પર વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને ફેક્લટી મેમ્બર્સ સાથે વિસ્તૃત વાત કરવા તા. ૨૩ મે ૨૦૨૦ ના રોજ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા એક ખાસ ઓનલાઈન સેશન નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં એકમાત્ર મુખ્ય વક્તા તરીકે કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલા, કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રલાય ને ખાસ આમંત્રણ આપવામાં આવ્યું હતું.

- **ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ઠ નોકરી જે જૂની કેહવત છે એ હવે યાદ કરવાનો પાછો સમય આવી ગયો છે : કેન્દ્રીય કૃષિ મંત્રી**
- **અત્યારની જરૂરિયાત મુજબ પેરીશેબલ ફળ, શાકભાજીના ટ્રાન્સપોર્ટેશન, વખાર માટે સ્ટાર્ટઅપની ખુબ તકો રહેલી છે : કેન્દ્રીય કૃષિ મંત્રી**

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી દ્વારા ‘સ્વર્ણિમ ટોક’ વેબિનાર સિરીઝ અંતર્ગત આયોજિત આ ઓનલાઈન સેશન માં ૯૫૦૦ થી વધુ પાર્ટિસિપન્ટસ એ ભાગ લીધો હતો, તેમાં મુખત્વે તમામ સ્ટાફ મેંબર્સ, હાલ ભણી રહેલા તેમ જ દેશ અને વિદેશો માં સ્થાયી થયેલા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીમિત્રોએ



ખુબ ઉત્સાહભેર હાજર રહ્યા હતા. વેબિનાર ની શરૂઆત માં યુનિવર્સિટી ના પ્રેસિડેન્ટ શ્રી રિષભ જૈન, વાઈસ પ્રેસિડેન્ટ શ્રી આદિ જૈન અને પ્રોવોસ્ટ ડો. કાર્તિક જૈન દ્વારા માનનીય મંત્રી શ્રી રૂપાલા જી નું ઉષ્માભેર અને સન્માનપૂર્વક સ્વાગત કર્યું હતું.

મંત્રીએ પોતાના મંતવ્યમાં તાજેતરમાં દેશભરમાં કોવીડ-૧૯ને લીધે પ્રવર્તી રહેલી સ્થિતિ વિષે વાત કરી હતી. લોકડાઉંન મોટા ભાગના વ્યવસાય બંધ થઈ ગયા હતા પણ એક માત્ર વિભાગ જે ખેતીવાડી સતત ચાલુ હતો. વાવણી પણ સમયસર થઈ હતી.જોકે ફૂલો ની ખેતી કરનારા ખેડૂતો ને ઘણું નુકશાન થયું છે.તે અંગે તેઓ એ ખેદ વ્યક્ત કર્યો હતો.

તેઓ એ જણાવ્યું હતું કે,કૃષિ ક્ષેત્રે ખેતી કરવાની પદ્ધતિઓ માં સંપૂર્ણપણે પરિવર્તન આવી ગયું છે. અત્યાર ની જરૂરિયાત મુજબ પેરીશેબલ ફળ, ફૂલો, શાકભાજી ના ટ્રાન્સપોર્ટેશન, સ્ટોરેજ માટે ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ની ખુબ તકો રહેલી છે. નિંદામણ, બિયારણ માં પણ જુદી જુદી તકો રહેલી છે.મહિલા ખેડૂતો માં ઓછા શ્રમ થી વધુ કાર્ય કરી શકાય તે અંગે ટેક્નોલોજી ક્ષેત્રે સ્ટાર્ટઅપ ની તકો રહેલી છે. આ અંગે તેઓ એ વિદ્યાર્થીઓને આ દિશામાં સંશોધન અને સ્ટાર્ટઅપ કરવા અંગે પ્રેરણા આપી હતી.

મુખ્ય સંદેશ આપતા મંત્રી રૂપાલાજીએ જણાવ્યું હતું કે, આપણે સ્વદેશી વસ્તુઓના વપરાશને પ્રાધ્યાન આપીયે. આપણી બ્રાન્ડ વિશ્વમાં બેસ્ટ કેવી રીતે બને અને દેશી વસ્તુઓને આંતરરાષ્ટ્રીય મંચ પર લઈ જઈએ તે અંગે અપને સૌએ પ્રયાસ કરવો જોઈએ.

કાર્યક્રમમાં અંતે, સ્વર્ણિમ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન યુનિવર્સિટીના મેનેજમેન્ટ દ્વારા આભારવિધિ વ્યક્ત કરી હતી. મંત્રીનો અંતઃકરણપૂર્વક સમર્ગ સ્વર્ણિમ પરિવાર તરફ થી આભાર વ્યક્ત કર્યો હતો. તેઓ એ જણાવ્યું હતું કે, પરશોત્તમ રૂપાલા જી નું મંતવ્ય તમામ વિદ્યાર્થીઓ, વાલી મિત્રો અને સ્ટાફ માટે ખુબ પ્રેરણાત્મક અને ઊર્જાભેર રહ્યું હતું.

એનડીડીબીએ કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડેરી પ્રોસેસિંગમાં સ્વચ્છતા અને સલામતીનું વ્યવસ્થાપન કરવા પર વેબિનાર

એનડીડીબીએ મંગળવારે કોવિડ-૧૯ રોગચાળા દરમિયાન ડેરી પ્રોસેસિંગમાં સ્વચ્છતા અને સલામતીનું વ્યવસ્થાપન વિષય પર એક વેબિનાર (એનડીડીબી સંવાદ)નું આયોજન કર્યું હતું. તેનો ઉદ્દેશ્ય આ રોગચાળા દરમિયાન તાત્કાલિક ઉકેલવી પડે હોય તેવી બાબતોને ઉકેલવા, પ્રવર્તમાન પડકારોનો સામનો કરવાના માર્ગો અંગે ચર્ચા કરવા તથા તકોને ઓળખી કાઢવા માટે ડેરી ઉદ્યોગની જાણીતી હસ્તીઓ, શિક્ષણવિદો અને નીતિ ઘડનારાઓને એક સાથે લાવવાનો હતો. તેનો હેતુ પશુપાલકો, પ્રોસેસરો અને ગ્રાહકોમાં એવો આત્મવિશ્વાસ પણ પેદા કરવાનો હતો કે, કોવિડ-૧૯ બાદ આપણે ચોક્કસપણે વધુ સક્ષમ બનીને ઉભરીશું.

પેનેલિસ્ટમાં એનડીડીબીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી મીનેશ શાહ, આણંદમાં આવેલી એસએમસી કૉલેજ ઑફ ડેરી સાયેન્સના પ્રિન્સિપાલ અને ડીન ડૉ. જે. બી. પ્રજાપતિ તથા કૈરા ડિસ્ટ્રિક્ટ કૉઑપરેટિવ મિલ્ક પ્રોડ્યુસર્સ યુનિયન (અમૂલ ડેરી)ના મેનેજિંગ ડિરેક્ટર શ્રી અમિત વ્યાસને સ્થાન આપવામાં આવ્યું હતું.

લાખો ગ્રામ્ય દૂધ ઉત્પાદકો તેમની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરી શકે તે માટે તેમને આવક મળતી રહે જ્યારે ગ્રાહકોને તેમની પોષણ સંબંધિત જરૂરિયાતો સંતોષવા દૂધ અને દૂધના ઉત્પાદનો મળી રહે તે સુનિશ્ચિત કરવા બદલ એનડીડીબીના ચેરમેન શ્રી દિલીપ રથએ ડેરી વ્યાવસાયિકોને અભિનંદન પાઠવ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, ડેરી ઉદ્યોગ પશુપાલકોની તકલીફોને ઉકેલવા માટે હંમેશા તેમની સાથે છે અને તે ગ્રાહકોના મદાર પર ખરો ઉતરવાનું ચાલું રહેશે.

મીનેશ શાહએ જણાવ્યું હતું કે, ડેરી ક્ષેત્રએ આ કટોકટીને તકમાં પરિવર્તિત કરવાની જરૂર છે. કોવિડ-૧૯ના પ્રભાવોને ઘટાડવા માટે ડેરી મૂલ્ય શ્રૃંખલામાં પ્રત્યેક તબક્કે આપણે પ્રાપ્ત કરેલ શીખને એકીકૃત કરવાની અને સિસ્ટમ્સ વિકસાવવાની જરૂર છે. તેમણે ડેરી ફાર્મ ખાતે દૂધ ઉત્પાદનથી માંડીને કલેકશન સેન્ટરો, પરિવહન અને ડેરી પ્રોસેસિંગ એકમો ખાતે સ્વચ્છતા અને ચોખ્ખાઈ જાળવવાના મહત્ત્વને સમજાવ્યું હતું. આપણો ઉદ્દેશ્ય ‘કૉઑપરેટિવ બ્રાન્ડ્સ એ સારી ગુણવત્તાનો પર્યાય છે’, એ મુજબની ગ્રાહકોની માન્યતાને સુદ્રઢ કરવાનો હોવો જોઈએ.

અમિત વ્યાસે રોગચાળા દરમિયાન ડેરી ક્ષેત્રની કામગીરીનું વ્યવસ્થાપન કરવા અંગેનો પોતાનો અનુભવ જણાવ્યો હતો. ડિજિટલ કમ્યુનિકેશન અને ડિજિટલ કોન્ટેક્ટ લેસ સિસ્ટમો (ઑટો સેનિટાઈઝર, ડોર કન્ટ્રોલ્સ, લાઈટ કન્ટ્રોલ્સ, કોન્ટેક્ટલેસ લિફ્ટ્સ વગેરે) જેવી અત્યાધુનિક ટેકનોલોજીઓ કેવી રીતે વ્યવસાયની નિરંતરતાને સુનિશ્ચિત કરવામાં મદદરૂપ થાય છે, તે તેમણે સમજાવ્યું હતું. ડૉ. પ્રજાપતિએ જણાવ્યું હતું કે, દૂધ અને દૂધના ઉત્પાદનો (આઈસક્રીમ સહિત) સહિત કોઈપણ આહાર કોવિડ-૧૯ વાઈરસના વાહકો નથી. ગ્રાહકોએ ચેપને નિવારવા માટે ખાદ્યચીજોના પૅકની બહારની બાજુને સાફ કરવી જોઈએ.

ગુજરાત સાહિત્ય સંગમ દ્વારા કોરોના વિષયક માઈક્રોફિક્શન વાર્તા સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સાહિત્ય સંગમ ગાંધીનગર દ્વારા કોરોના વિષયક માઈક્રોફિક્શન વાર્તા આલેખતી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું છે. જે સંદર્ભે કોરોનાવાયરસ ના હાર વચ્ચે પર્યાવરણ પ્રકૃતિમાં આવેલ પરિવર્તન ની માનવ સમાજ જીવન અને સંબંધો પર થયેલ અસરો ને આલેખતી માઈક્રોફિક્શન સ્ટોરી તારીખ ૩૧ મે સાંજે પાંચ વાગ્યા સુધીમાં ૭૫૭૪૯ ૯૦૦૯૨ પર મોકલવાની રેહશે. સ્પર્ધકે રચનાઓ ટાઈપ કરીને મોકલવી તથા કૃતિ મૌલિક રચના હોવી જોઈએ જે અંગેની તમામ જવાબદારી સર્જકની રહેશે આ ઉપરાંત કૃતિ સાથે સર્જકે પોતાનું નામ, સરનામું ફોન નંબર અને ઈમેઈલ એડ્રેસ તેમજ પાસપોર્ટ સાઈઝનો ફોટો જણાવેલ નંબર ઉપર મોકલવાનો રહેશે. તેમ ગુજરાત સાહિત્ય સંગમના અધ્યક્ષ નટવર હેડાઉ તથા મહા સચિવ લલિત કિશોર અગ્રવાલ દ્વારા જણાવાયું છે.

ડભોડામાં ૨૫૦૦ વ્યક્તિઓને આયુર્વેદિક ઉકાળો પીવડાવવામાં આવ્યો

ચિલોડા, તા. ૨૪

ડભોડામાં કોરોનાના જંગ સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આરોગ્યતંત્ર, ગ્રામપંચાયત અને સેવાભાવી નાગરિકો દ્વારા સહિયારા પ્રયાસો થકી ૨૫૦૦ ગ્રામજનોને સતત ત્રણ દિવસ સુધી આયુર્વેદિક ઉકાળો બનાવી વિતરણ કરાયું હતું.

આયુર્વેદિક વનસ્પતિનો ઉકાળો પીવાથી રોગ સામે લડવામાં શક્તિનો સંચાર થાય છે. આ ઉકાળો પીવડાવવા માટે ઘરે-ઘરે પહોંચાડવા સ્વયંસેવકો જોડાયા હતા. કેટલાંક નાગરિકો નાની બોટલો સાથે ઉકાળો લેવા ઘરે પીવા લઈ ગયા હતા.

ડાયરેક્ટ સે

અહંકાર વહાણમાં પડેલું કાણું છે... એ નાનું હોય કે મોટું એ ડૂબાડે છે...

જન્મદિને વધામણી

મોનિકા ઠક્કર
પત્રકાર, ગાંધીનગર સમાચાર
મો. ૭૯૯૦૪ ૮૬૨૧૯

રમેશભાઈ એસ. વાળંદ
મો. ૭૫૬૭૦ ૭૮૨૮૨

ડો. પરાગી ગાંધી
પેથોલોજીસ્ટ
ઝોન વાઈસ પ્રેસીડેન્ટ,
જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ
મો. ૯૮૨૫૫ ૬૩૯૯૦

રસીલાબેન
કનુભાઈ પંચાલ
મો. ૯૫૧૨૨ ૫૩૨૫૧

કૌમુદીની જનાર્દન જોષી
મો. ૬૩૫૪૦ ૦૬૧૯૭

વિજયકુમાર પટેલ
રેડક્રોસ સોસાયટી

રણુભા જુવાનસિંહ વાઘેલા
રેડક્રોસ સોસાયટી

ઘરમાં રહો સુરક્ષિત રહો